सत्यमेव जयते

# નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2024/16511-84
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 03 /08/ 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ધોરણ ૩ થી ૮માં સામયિક મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષાના આયોજન બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૦૯/૦૯/૨૦૨૨

(૨) અત્રેની કચેરીની તા.18/07/2024ની સિંગલફાઈલ પર શિક્ષણવિભાગની મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોરણ ૩ થી ૮માં સામયિક મૂલ્યાંકન તથા સત્રાંત પરીક્ષા અંગેનું આયોજન નીચે મુજબ છે. આ અંગે નીચેની સૂચનાઓને ધ્યાને રાખી આપના તાબા હેઠળની શાળાઓને જાણ કરવા અને આગળની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ધોરણ | આયોજન |
|---|---|---|---|
| ૧ | પ્રથમસત્ર અને દ્વિતીયસત્ર સામયિક મૂલ્યાંકન | ૩ થી ૫ | પરિશિષ્ટ-૧ મુજબ નિયત થયેલ સમયપત્રક |
| ૨ | પ્રથમસત્ર અને દ્વિતીયસત્ર સામયિક મૂલ્યાંકન | ૬ થી ૮ | પરિશિષ્ટ-૨ મુજબ નિયત થયેલ સમયપત્રક |
| 3 | પ્રથમ સત્રાંત પરીક્ષા | ૩ થી ૮ | સંભવિત તારીખઃ ૧૭/૧૦/૨૦૨૪થી |
| ૪ | દ્વિતીય સત્રાંત પરીક્ષા | ૩ થી ૮ | સંભવિત તારીખઃ ૦૭/૦૪/૨૦૨૫થી |

1) સંદર્ભ ૧ અન્વયે સદર મૂલ્યાંકનનો અમલ રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં કરવાનો રહેશે.
2) પ્રથમ અને દ્વિતીયસત્ર સામયિક મૂલ્યાંકનનું નિયત થયેલ સમયપત્રક ઉપરોક્ત પરિશિષ્ટ મુજબ આ સાથે સામેલ છે. સત્રાંત પરીક્ષાઓ અંગેના સમયપત્રક હવે પછી જાહેર કરવામાં આવશે.
3) સામયિક મૂલ્યાંકન માટે શાળાઓને સમગ્ર શિક્ષા કચેરી મારફત ધોરણવાર પ્રશ્નબેંક Online Attendance Portal (http://schoolattendancegujarat.in/) પર તેમજ દરેક શાળાના ઈ-મેઈલ આઈડી પર સમયપત્રક મુજબ નિયત તારીખે ઉપલબ્ધ કરાવવામાં આવશે. શાળા શરૂ થવાના સમયના એક કલાક પહેલા પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકાશે.

4) શિક્ષકોને પ્રશ્નબેંકમાંથી કસોટીપત્ર બનાવવામાં સરળતા રહે તે માટે શાળાઓને PDF ની સાથે Word કોપી પણ મોકલી આપવામાં આવશે.

5) સામયિક મૂલ્યાંકન અંતર્ગત સમયપત્રક મુજબ મૂલ્યાંકનનો સમય શનિવાર સવારે ૮-૦૦ થી ૯-૦૦ કલાક દરમિયાન રાખવાનો રહેશે. તા. ૦૬/૦૯/૨૦૨૪ના રોજ (શુક્રવાર) યોજાનાર સામયિક મૂલ્યાંકનનો સમય સવારે ૧૧-૩૦ થી ૧૨-૩૦ દરમિયાન રાખવાનો રહેશે.

6) સંજોગોવશાત્ કોઈપણ સરકારી, ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓને સામયિક મૂલ્યાંકન અંતર્ગત પ્રશ્નબેંક ઉપલબ્ધ ન થાય તો તેઓ પોતાના વિસ્તારના સી.આર.સી.નો સંપર્ક કરી ઈ-મેઈલ દ્વારા પ્રશ્નબેંકની સોફ્ટકોપી મેળવી શકશે.

7) NAS (નેશનલ એચિવમેન્ટ સર્વે)ની તૈયારીના ભાગરૂપે પ્રથમસત્રમાં ધોરણ ૩ અને ધોરણ ૬ના સામયિક મૂલ્યાંકનમાં ૨૫ ગુણમાંથી ૫૦ ટકા ગુણ (૧૩ ગુણ) ના MCQ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે.

8) પ્રથમ સત્રાંત પરીક્ષા માટે જૂન થી ઓક્ટોબર સુધીનો અભ્યાસક્રમ ધ્યાનમાં લેવામાં આવશે. દ્વિતીયસત્રાંત પરીક્ષા માટે નવેમ્બર થી માર્ચ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. આ અંગેની માસવાર અભ્યાસક્રમ ફાળવણી જીસીઈઆરટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

9) ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫થી પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ધોરણ-૩ અને ધોરણ-૪ માં અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવશે. તેનું મૂલ્યાંકન માળખુ અન્ય વિષયની જેમ વાર્ષિક ૨૦૦ ગુણનું રહેશે જેના આધારે પત્રક-A, પત્રક-C (પરિણામપત્રક), પત્રક – F (પ્રોગ્રેસકાર્ડ ) અને પત્રક- E (સંગૃહિત વિકાસ પત્રક) માં મૂલ્યાંકનમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.

10) ડેટાએન્ટ્રી અંગેની સૂચનાઓ સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે.

નિયામક

જીસીઈઆરટી

ગાંધીનગર

બિડાણઃ પ્રથમ અને દ્વિતીયસત્ર સામયિક મૂલ્યાંકન સમયપત્રકની નકલ (પરિશિષ્ટ ૧ અને ૨)

નકલ સવિનય રવાનાઃ

- માન. શિક્ષણ સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર , ગાંધીનગર
- કન્વીનરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર , ગાંધીનગર

નકલ રવાનાઃ

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

પરિશિષ્ટ-૧ સામયિક મૂલ્યાંકન (પ્રશ્નબેંક) સૂચિત સમયપત્રક - 2024-25 ( ધોરણ 3 થી 5)

| સત્ર | Month | Date | ધોરણવાર સામયિક મૂલ્યાંકન કસોટીના વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધોરણ-3 | એકમ નંબર | ધોરણ-4 | એકમ નંબર | ધોરણ-5 | એકમ નંબર |
| પ્રથમસત્ર | August | 10/08/2024 | ગુજરાતી | 1,2 | ગણિત | 1,2 | પર્યાવરણ | 1 to 4 |
| | August | 31/08/2024 | પર્યાવરણ | 1 to 6 | ગુજરાતી | 1,2 | ગણિત | 1 to 3 |
| | September | 06/09/2024 | ગણિત | 1 to 3 | પર્યાવરણ | 1 to 7 | ગુજરાતી | 1,2 |
| | September | 14/09/2024 | NIL | NIL | ગુજરાતી | 3,4 | અંગ્રેજી | 1 to 3 |
| | September | 21/09/2024 | ગુજરાતી | 3.4 | અંગ્રેજી | 1 to 3 | ગણિત | 4,5 |
| | September | 28/09/2024 | NIL | NIL | ગણિત | 3 to 5 | ગુજરાતી | 3,4 |
| | October | 05/10/2024 | ગણિત | 4 to 6 | NIL | NIL | હિન્દી | 1 to 6 |
| દ્વિતીયસત્ર | December | 21/12/2024 | ગુજરાતી | 6 | ગણિત | 8,9 | પર્યાવરણ | 13,14 |
| | January | 04/01/2025 | પર્યાવરણ | 14 to 16 | ગુજરાતી | 6,7 | ગણિત | 8,9 |
| | January | 18/01/2025 | ગણિત | 8 to 10 | પર્યાવરણ | 14 to 17 | ગુજરાતી | 6.7 |
| | February | 01/02/2025 | NIL | NIL | ગુજરાતી | 8 | અંગ્રેજી | 6 to 8 |
| | February | 15/02/2025 | ગુજરાતી | 7,8 | હિન્દી | 1 to 5 | ગણિત | 10 to 12 |
| | March | 01/03/2025 | NIL | NIL | ગણિત | 10 to 13 | ગુજરાતી | 8,9 |
| | March | 15/03/2025 | ગણિત | 11 to 13 | અંગ્રેજી | 6 to 9 | હિન્દી | 9 to 15 |
| | Total | | 10 | | 13 | | 14 | |

પરિશિષ્ટ-૨ સામયિક મૂલ્યાંકન (પ્રશ્નબેંક) સૂચિત સમયપત્રક - 2024-25 ( ધોરણ 6 થી 8)

| સત્ર | Month | Date | ધોરણવાર સામયિક મૂલ્યાંકન કસોટીના વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધોરણ-6 | એકમ નંબર | ધોરણ-7 | એકમ નંબર | ધોરણ-8 | એકમ નંબર |
| પ્રથમસત્ર | August | 10/08/2024 | ગુજરાતી | 1 to 3 | ગણિત | 1 | સંસ્કૃત | 1 to 3 |
| | August | 31/08/2024 | ગણિત | 1 to 3 | સંસ્કૃત | 1 to 5 | સામાજિક વિજ્ઞાન | 1,9,2,15 |
| | September | 06/09/2024 | સંસ્કૃત | 1 to 5 | સામાજિક વિજ્ઞાન | 1,10,2,15 | વિજ્ઞાન | 1 to 3 |
| | September | 14/09/2024 | સામાજિક વિજ્ઞાન | 1,9,2,14,3 | વિજ્ઞાન | 1 to 4 | હિન્દી | 1 to 6 |
| | September | 21/09/2024 | વિજ્ઞાન | 1 to 3 | હિન્દી | 1 to 5 | અંગ્રેજી | 1,2 |
| | September | 28/09/2024 | હિન્દી | 1 to 5 | અંગ્રેજી | 1 to 3 | ગુજરાતી | 1 to 8 |
| | October | 05/10/2024 | અંગ્રેજી | 1 to 3 | ગુજરાતી | 1 to 9 | ગણિત | 1 to 5 |
| દ્વિતીયસત્ર | December | 21/12/2024 | ગુજરાતી | 11,12 | ગણિત | 7,8 | હિન્દી | 1,2 |
| | January | 04/01/2025 | ગણિત | 7,8 | હિન્દી | 1 to 3 | ગુજરાતી | 11 to 13 |
| | January | 18/01/2025 | હિન્દી | 1 to 3 | વિજ્ઞાન | 7 to 9 | સંસ્કૃત | 1 to 4 |
| | February | 01/02/2025 | વિજ્ઞાન | 6 to 9 | સંસ્કૃત | 1 to 5 | સામાજિક વિજ્ઞાન | 5,12,6,13,17 |
| | February | 15/02/2025 | સંસ્કૃત | 1 to 7 | સામાજિક વિજ્ઞાન | 5 ,17,6,13,18,7 | અંગ્રેજી | 1 to 3 |
| | March | 01/03/2025 | સામાજિક વિજ્ઞાન | 5,6,7,11,12,16 | અંગ્રેજી | 1 to 4 | વિજ્ઞાન | 7 to 12 |
| | March | 15/03/2025 | અંગ્રેજી | 1 to 4 | ગુજરાતી | 11 to 17 | ગણિત | 7 to 12 |
| | Total | | 14 | | 14 | | 14 | |